PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૨/કવા–૦૩/૧૮–૧૯/ 432-2 તા 10-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વિરાભાઈ આલાભાઇ ચેતરીયા,
ગામ ગાંગડી
તાલુકો કલ્યાણપુર
જિલ્લો દેવભૂમિ દ્વારકા
361315.

વિષય :–ભાવ પત્રક મુજબ સોલાર હોમ લાઇટ મેળવવા માટે

સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૨/કવા–૦૩/૧૮–૧૯ )

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

**આપનો વિશ્વાસુ**

(સી.જે.મજેઠા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર**

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૨/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૮–૦૧–૧૯ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: વિરાભાઈ આલાભાઇ ચેતરીયા, ગામ ગાંગડી**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી4 દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી4 દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : ભાવ પત્રક મુજબ સોલાર હોમ લાઇટ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર વિરાભાઈ આલાભાઇ ચેતરીયા, ગામ ગાંગડી તેઓની અરજી ના નોંધણી નંબર :૬૨/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ સોલાર હોમ લાઈટ મેળવવા માટે ની અરજી અન્વયે – નિયત ભાવપત્રક પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અપાતા રૂ.૪,૫૦૦/– તા.૨૪–૦૮–૧૭ ના રોજ ભરપાઈ કરી આપેલ હોવા છતા, આજદિન સુધી તેઓને સદર જોડાણ મળેલ ન હોય – તેમજ, તેઓએ ૧૬ માસ ની મુદતનુ ૨૪% મુજબ વ્યાજ અપાવવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી વિરાભાઈ આલાભાઈ ચેતરીયા દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગાંગડી ખાતે સોલર હોમ લાઇટ ની અરજી અન્વયે અંદાજપત્રની રકમ ભરપાઈ કર્યા બાદ પડતર રહેલ અરજીઓની યાદી વર્તુળ કચેરી મારફત પીજીવીસીએલ નિગમિત કચેરી, રાજકોટ ને આગળની કાર્યવાહી અર્થે સાદર કરવામાં આવેલ છે.<br>વધુમાં જણાવવાનું કે , સોલર હોમ લાઇટ યોજના અંતર્ગત સરકાર શ્રી દ્વારા વાર્ષિક નાણાકીય બજેટ માં ફાળવવામાં આવતી ગ્રાંટને અનુરૂપ કામગીરી કરવાની હોય છે જેથી સદર યોજનામાં પડતર રહેલ અરજીઓની કામગીરી પૂર્ણ કરવા અર્થે પીજીવીસીએલ નિગમિત કચેરી , રાજકોટ દ્વારા વડી કચેરી , ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરાને સાદર કરેલ છે. જેથી સદર બાબતે સરકારશ્રી માથી નિર્ણય આવ્યે અગ્રતા ના ધોરણે સદર કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત |

| | |
|---|---|
| | અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા **સોલાર** હોમલાઈટ નુ **વીજ જોડાણ** મેળવવા માટેની નોંધાયેલ અરજી ના અનુસંધાને – નિયત ભાવપત્રક ની રકમ રૂ.૪,૫૦૦/– , તા.૨૪–૦૮–૧૭ થી ના રોજ રસીદ નંબરઃ ૫૩૮૨૭૪ થી ભરપાઈ કરેલ હોવા છતા – સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી થયેલ નથી, જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે રાજય સરકાર શ્રી દ્વારા – છુટા છવાયા વિસ્તારમાં ઘરવપરાશ વીજજોડાણ ના હેતુ માટે – **સોલાર** હોમલાઈટ આપવાની યોજના અમલમા આવેલ હતી. જે અનુસંધાને – વાર્ષિક લક્ષ્યાંક અન્વયે – **સોલાર** હોમલાઈટ આપવામા આવે છે. જીયુવીએનએલ ના પત્ર નંબરઃ૯૦૧, તા.૧૭–૦૩–૧૮ મુજબ – વર્ષ–૨૦૧૮–૧૯ અંતર્ગત ની **સોલાર હોમ લાઈટ માટે ટેન્ડર ની પ્રક્રિયા** જીયુવીએનએલ હેઠળ ની બધી કંપનીઓ વતી – એમજીવીસીએલ ને સોપેલ છે. જે અનુસંધાને – જરૂરી ગાઈડલાઈન MNRE માથી માંગેલ છે, જે મળ્યેથી ટેન્ડર પ્રક્રીયા શરૂ કરવામા આવશે. જે કામગીરી **પૂર્ણ થયે અગ્રતાના ધોરણે અરજદાનું સોલાર વીજ જોડાણ લગાડી આપવામાં આવશે** આમ, અરજદારશ્રી ની, ફરીયાદ અનુસંધાને , પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ ચોકકસ સમય મા – સોલાર હોમ લાઈટ પૂરી પાડવા માટે જણાવેલ ન હોય – પીજીવીસીએલ કક્ષાએથી **સોલાર હોમ લાઈટ** આપવાની નિયમાધીન યોગ્ય ઘટતી કાર્યવાહી કરીને સત્વરે પૂર્ણ થાય તે અંગે ની કાર્યવાહી કરવાની રહેશે. તેમ પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ કક્ષાએથી **સોલાર હોમ લાઈટ** આપવાની નિયમાધીન યોગ્ય ઘટતી કાર્યવાહી કરીને સત્વરે પૂર્ણ થાય તે અંગે ની કાર્યવાહી કરવાની રહેશે. તેમ પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**<u>નોંધ</u>** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક **હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ** કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.